Saturday
21.02.2026
*Volume :10 * Issue No.224
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજીનું ગુજરાત આગમન: અમદાવાદ એરપોર્ટ ખાતે શ્રી નીતિન નવીનજીનો ભવ્ય સ્વાગત-અભિવાદન કાર્યક્રમ યોજાયો

**૨૧ મી સદીનું ભારત વિકાસની દિશામાં વિરાસત સાથે આગળ વધી રહ્યું છે તેનો શ્રેય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે- શ્રી નીતિન નવીનજી**

**કાર્યકર્તાઓના પરિશ્રમ,સંઘર્ષ અને પુરુષાર્થથી આજે ગુજરાત વિકસીત ગુજરાત તરફ આગળ વધી રહ્યુ છે -શ્રી નીતિન નવીનજી**

**ભારતીય જનતા પાર્ટી ફક્ત રાજકીય પાર્ટી નથી, પરંતુ રાષ્ટ્રસેવા, વિકાસ અને જનકલ્યાણ માટે સમર્પિત પ્રેરણાદાયી ચળવળ છે - શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

**વિશ્વની સૌથી મોટી લોકતાંત્રીક પાર્ટી ભાજપાની વિશેષતા અને તાસીર છે કે અહીં બુથ લેવલનો કાર્યકર્તા પણ પોતાના સમર્પણ, કાબેલિયત અને ક્ષમતાના આધારે રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોંચવાનો અવકાશ ધરાવે છે - શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

**આજે ગુજરાત માત્ર દેશને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને દિશા આપી રહ્યું છે -શ્રી નીતિન નવીનજી**









**ગુજરાતે અનેક મહાપુરુષ દેશને આપ્યા છે જેમણે દેશની સંસ્કૃતિ અને વિરાસતને વધારી છે -શ્રી નીતિન નવીનજી**

## સરકાર અને સંગઠનના તાલમેલ અને સંકલનથી ભાજપાની "પાર્ટી વિથ ડિફરન્સ" તરીકેની છબી જનમાનસમાં વધુ ઉજ્જવળ બની હોવાનું જણાવતા શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

**ભાજપાના કાર્યકર્તાઓ સતત જનતાની વચ્ચે હોય છે જ્યારે કેટલાક પક્ષના પાર્ટ ટાઈમ પોલિટિશિયન ચુંટણી સમયે જ બહાર આવે છે -શ્રી નીતિન નવીનજી**

**ગુજરાતની ૬.૫ કરોડ જનતા અને લાખો કાર્યકર્તાઓએ છેલ્લા ૩૦ વર્ષથી વિપક્ષી નકારાત્મકતા અને ભ્રષ્ટાચારના 'કાળા પંજા'ના પડછાયાને ગુજરાતની તિજોરી પર પડવા દીધો નથી -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

**સંગઠન એ ભાજપાની આત્મા છે અને કાર્યકર્તા ભાજપાની શક્તિ છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**




**એક સામાન્ય કાર્યકર્તાથી લઈને વિશ્વની સૌથી મોટી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુધીની શ્રી નીતિન નવીનજીની સફર તમામ કાર્યકર્તાઓ માટે ગૌરવ અને પ્રેરણા સમાન છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**





કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજી તેઓના ત્રણ દિવસના પ્રથમ ગુજરાત પ્રવાસ અંતર્ગત અમદાવાદના ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા જ્યાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, કર્ણાવતી મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી પ્રેરકભાઈ શાહ સહિત ભાજપા આગેવાનશ્રીઓ અને અગ્રણીશ્રીઓએ તેઓને ગુજરાતની ધરતી પર આવકાર્યા હતાં. અમદાવાદ એરપોર્ટ ખાતે શ્રી નીતિન નવીનજીને આવકારવા ભવ્ય સ્વાગત-અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપા કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યાં હતાં. ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજીએ તેઓના સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતીના લાલ શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે દેશ અને વિશ્વનું નેતૃત્વ કરી રહ્યાં છે તે ધરતીને નમન કરું છું. આ ધરતી પરથી ગાંધીજીએ અહિંસાનો વિચાર આપ્યો જેના બળે પૂર્ણ વિશ્વમાં ભારતની અલગ ઓળખ છે. ભારતને એક કરવાનું બીડું જેમણે ઉપાડ્યું એવા સરદાર પટેલનું કામ સૌ ગુજરાતીઓને ગૌરવાંવિત કરે છે. ગુજરાતે અનેક મહાપુરુષ દેશને આપ્યા છે જેમણે દેશની સંસ્કૃતિ અને વિરાસતને વધારી છે. ૨૧ મી સદીનું ભારત વિકાસની દિશામાં વિરાસત સાથે આગળ વધી રહ્યું છે તેનો શ્રેય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. આજ ગુજરાતની ધરતીના પુત્ર કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ભાજપાને સૌથી મોટો વિસ્તાર આપ્યો છે. કાર્યકર્તાઓના પરિશ્રમ,સંઘર્ષ અને પુરુષાર્થથી આજે ગુજરાત વિકસીત ગુજરાત તરફ આગળ વધી રહ્યુ છે. શ્રી નીતિન નવીનજીએ જણાવ્યું હતું કે, ગુજરાતે લાંબા સમયથી ભાજપાની સરકાર હેઠળ વિકાસનો સકારાત્મક અનુભવ કર્યો છે. ભાજપાના નેતૃત્વગણે ગુજરાતના એક એક ગામડા અને નગર સુધી વિકાસની યોજનાઓ પહોંચાડી છે અને જનજનને વિકાસયાત્રા સાથે જોડ્યા છે. આજે ગુજરાત માત્ર દેશને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને દિશા આપી રહ્યું છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના દ્રઢ અને દુરંદેશી નેતૃત્વ હેઠળ ભારતને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળી રહી છે. તેમણે ગુજરાતની જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે જનતાના આશીર્વાદના બળ પર જ મોદીજી દેશને સતત પ્રગતિના માર્ગે આગળ લઈ જઈ રહ્યા છે. શ્રી નીતિન નવીનજીએ જણાવ્યું કે, ગુજરાતના ભાઈ-બહેનોએ દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. ગુજરાતને આંદોલનની જનની તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ અહીં આંદોલન ફક્ત પરિવર્તન માટે જ નહીં, વિકાસ માટે અને નવી ઊર્જાના સંચાર માટે પણ થાય છે. ગુજરાતની જનતા ફક્ત રાજ્ય માટે સરકાર પસંદ કરતી નથી, પરંતુ એવા નેતૃત્વને પસંદ કરે છે જેના બળ પર આજે આખો દેશ આગળ વધી રહ્યો છે. આપણે સૌએ વડાપ્રધાનશ્રીના વિચારોને અનુરૂપ જનતા સાથે સતત જોડાયેલા રહીને સેવાને પોતાનો ધર્મ માની કાર્ય કરવાનું છે. વડાપ્રધાનશ્રી જે ભાવ સાથે જનસેવામાં જોડાયેલા રહ્યા છે. શ્રી નીતિન નવીનજીએ આવનારા વર્ષ ૨૦૨૭ અને ૨૦૨૯ને ધ્યાનમાં રાખીને કાર્યકર્તાઓને આહ્વાન કર્યું. તેમણે જણાવ્યું કે કેટલીક એવી તાકતો ફરી માથું ઊંચું કરી રહી છે, જેઓને દેશની સુરક્ષા કે સામાન્ય જનતા સાથે કોઈ લગાવ નથી અને જે ફક્ત પોતાના હિત માટે કાર્ય કરે છે. તેમણે જણાવ્યું કે ભાજપાના કાર્યકર્તાઓ ફુલ ટાઈમ પોલિટિશિયન છે, જે સતત જનતા વચ્ચે રહીને કાર્ય કરે છે. ચૂંટણી સમયે કેટલાક પાર્ટ-ટાઈમ રાજકારણીઓ જનતા વચ્ચે આવે છે, પરંતુ આપણે જનતા સાથે એવો સજીવ અને મજબૂત સંબંધ સ્થાપિત કરવો જોઈએ કે આવા પાર્ટ-ટાઈમ રાજકારણીઓ માટે કોઈ જગ્યા ન રહે. આ પ્રસંગે ભવ્ય સ્વાગત-અભિવાદન કાર્યક્રમ યોજવા બદલ તમામ કાર્યકર્તાઓ અને પ્રદેશ નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો.


મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીને "મિલેનિયમ રાષ્ટ્રીય અધ્યક્ષ" તરીકે સંબોધ્યા છે. તેમણે ઉમેર્યું કે શ્રી નીતિન નવીનજી એવા અધ્યક્ષ છે, જે બાળપણથી આજ સુધી બદલાતા ભારતના સાક્ષી રહ્યા છે. શ્રી નીતિન નવીનજી પાસે સરકાર અને સંગઠન બંનેનો વ્યાપક અનુભવ છે. તેઓ સાલસ, સહજ અને સરળ વ્યકિતત્વ ધરાવે છે. અનેક રાજ્યોના પ્રભારી તરીકે તેમણે સફળ અને અસરકારક ભૂમિકા નિભાવી છે. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તેમનું નામ જાહેર થયું ત્યારે ઘણા લોકોએ આશ્ચર્ય વ્યકત કર્યું હતું, પરંતુ વિશ્વની સૌથી મોટી લોકતાંત્રીક પાર્ટીની આ જ વિશેષતા અને તાસીર છે કે અહીં બુથ લેવલનો કાર્યકર્તા પણ પોતાના સમર્પણ, કાબેલિયત અને ક્ષમતાના આધારે રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોંચવાનો અવકાશ ધરાવે છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટી ફકત રાજકીય પાર્ટી નથી, પરંતુ રાષ્ટ્રસેવા, વિકાસ અને જનકલ્યાણ માટે સમર્પિત પ્રેરણાદાયી ચળવળ છે. પાર્ટીના કોઈપણ અભિયાન, પ્રવાસ કે લોકસંપર્ક કાર્યક્રમમાં ગુજરાત ભાજપે હંમેશા ઈનોવેટિવ એપ્રોચ રજૂ કર્યો છે. સરકાર અને સંગઠનના તાલમેલ અને સંકલનથી ભાજપાની "પાર્ટી વિથ ડિફરન્સ" તરીકેની છબી જનમાનસમાં વધુ ઉજ્જવળ બની છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે યુવાનોને સમર્પિત રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીયશ્રી નીતિન નવીનજીનું માર્ગદર્શન અને નેતૃત્વ મળવાથી પાર્ટી વધુ સંગઠિત બનશે, યુવાનોને નવી દિશા મળશે અને દેશની વિકાસયાત્રામાં નવી ઉર્જાનો સંચાર થશે. કુશળ સંગઠનકાર તરીકે તેમના વિચારો અને અનુભવનું ભાથું ગુજરાત ભાજપાના પ્રત્યેક કાર્યકર્તા માટે પ્રેરણાસ્ત્રોત સાબિત થશે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજીનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની આ ગૌરવશાળી ભૂમિ મહાત્મા ગાંધી અને લોહપુરુષ સરદાર પટેલની જન્મભૂમિ અને કર્મભૂમિ છે. આ એ જ પવિત્ર માટી છે જેણે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ જેવું નેતૃત્વ આપ્યું છે, જેમણે 'ગુજરાત મોડલ' દ્વારા વિશ્વને વિકાસની નવી રાહ ચીંધી છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીનું હાર્દિક સ્વાગત કરતા ઉમેર્યું કે, શ્રી નીતિન નવીનજીએ રાજનીતિને સત્તાનું સાધન નહીં પણ 'સંસ્કાર અને સંકલ્પ'ની યાત્રા માની છે. એક સામાન્ય કાર્યકર્તાથી લઈને વિશ્વની સૌથી મોટી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુધીની તેમની સફર તમામ કાર્યકર્તાઓ માટે ગૌરવ અને પ્રેરણા સમાન છે. સંગઠન એ ભાજપાની આત્મા છે અને કાર્યકર્તા તેની શક્તિ છે, ત્યારે આ ૩ દિવસીય પ્રવાસ દરમિયાન અધ્યક્ષશ્રીના બહોળા અનુભવ અને કાર્યકુશળતાનું માર્ગદર્શન ગુજરાતના સંગઠનને નવી ઊર્જા પૂરી પાડશે. વધુમાં તેમણે ગૌરવ સાથે જણાવ્યું હતું કે, ગુજરાતની ૬.૫ કરોડ જનતા અને લાખો કાર્યકર્તાઓએ છેલ્લા ૩૦ વર્ષથી વિપક્ષી નકારાત્મકતા અને ભ્રષ્ટાચારના 'કાળા પંજા'ના પડછાયાને ગુજરાતની તિજોરી પર પડવા દીધો નથી. રાષ્ટ્રને પરમ વૈભવના શિખરે પહોંચાડવાના સંકલ્પ સાથે તડકો કે છાયડો જોયા વગર દિવસ રાત કાર્યરત એવા ગુજરાત ભાજપાના લાખો કાર્યકર્તાઓ વતી તેઓએ શ્રી નીતિન નવીનજીને ગુજરાતની ધરતી પર આવકાર્યા હતાં.

## તંત્રી સ્થાનેથી......

જ્યારે ઉનાળાનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી જાય છે, ત્યારે રાસાયણિક ખેતી કરતા ખેડૂતો માટે પાકને જીવંત રાખવો એક મોટો પડકાર બની જાય છે. પરંતુ પ્રાકૃતિક ખેતી અપનાવનાર ખેડૂતો માટે આ 'અગ્નિપરીક્ષા' નથી, પણ 'તક' છે. પ્રાકૃતિક ખેતી માત્ર ઉત્પાદન માટે નથી, પણ જમીનને જીવંત રાખવાની કળા છે. જેમાં આચ્છાદન જમીનનું રક્ષણ કરે છે.પ્રાકૃતિક ખેતીનો સૌથી મોટો ફાયદો 'આચ્છાદન' છે. જમીનને પાકના અવશેષો કે સૂકા ઘાસથી ઢાંકી દેવામાં આવે છે. ભર ઉનાળે આચ્છાદનને કારણે સૂર્યના સીધા કિરણો જમીન પર પડતા નથી. જેને લીધે જમીનનું તાપમાન જળવાઈ રહે છે અને ભેજ લાંબા સમય સુધી ટકી રહે છે.પરિણામે જ્યાં રાસાયણિક ખેતીમાં દર ૪-૫ દિવસે પાણી આપવું પડે છે, ત્યાં પ્રાકૃતિક ખેતીમાં ૧૦-૧૨ દિવસ સુધી પાણીની જરૂર પડતી નથી. પ્રાકૃતિક કૃષિનું બીજુ આયામ એટલે જીવામૃત,જે અબજો મિત્ર સૂક્ષ્મજીવોનું સામ્રાજ્ય છે.રાસાયણિક ખાતરો જમીનને કઠણ બનાવે છે, જ્યારે ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી બનેલું જીવામૃત જમીનને પોચી અને ફળદ્રુપ બનાવે છે.ગરમીમાં જ્યારે જમીન તપે છે, ત્યારે રાસાયણિક ખાતરો પાકના મૂળને 'બાળી' નાખે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળી રાજ્ય મંત્રી મંડળની બેઠક

### GST રાહત બાદ સરકારની આવકમાં ઘટાડો થવાની સંભાવના હોવા છતાં, રાજ્ય સરકારે વહીવટી કાર્યક્ષમતાના જોરે બજેટમાં ૧૦ ટકાનો વધારો કર્યો: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી




કમલમ્,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીમંડળના સભ્યશ્રીઓ અને સચિવશ્રીઓ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તેમજ નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈને ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું અને ઐતિહાસિક બજેટ રજૂ કરવા બદલ વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા, તેમ પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. કેબિનેટ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીમાં અપાયેલી રાહતોને કારણે સામાન્ય જનતાને રાહત મળી છે. જીએસટીમાં રાહત બાદ રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થવાની સંભાવના હોવા છતાં, ગુજરાત સરકારે પોતાની વહીવટી કાર્યક્ષમતાના જોરે બજેટમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે. અર્થશાસ્ત્રીઓ અને વિદ્વાનો દ્વારા પણ આ બજેટની સરાહના કરવામાં આવી છે. આ બજેટ આદિજાતિ, અનુસૂચિત જાતિ, ઓબીસી, ખેડૂતો સહિત તમામ વર્ગોને આવરી લેતું સર્વસ્પર્શી બજેટ છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીએ એક મહત્વપૂર્ણ વહીવટી સુધારણા સૂચવતા બેઠકમાં મુખ્ય સચિવશ્રીને સૂચના આપી છે કે, બજેટ વિધાનસભામાં પસાર થાય તેની રાહ જોયા વગર અત્યારથી જ વર્તમાન અને નવી બાબતોનું અમલીકરણ કરવાની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ. મુખ્યમંત્રીશ્રીએ તમામ વિભાગોને સૂચના આપી છે કે, બજેટમાં રજૂ થયેલી વર્તમાન અને નવી યોજનાઓ માટેના ડ્રાફ્ટ જીઆર, ડ્રાફ્ટ ટેન્ડર અને અન્ય વહીવટી પ્રક્રિયાની અત્યારથી જ શરૂ કરી દેવી, જેથી બજેટ મંજૂર થતાની સાથે જ દરેક યોજનાનું ત્વરિત અમલીકરણ થાય અને જનતાને પણ વિવિધ યોજનાઓનો લાભ ખૂબ ઝડપથી આપી શકાય, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ ઉપરાંત ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓની તુલના અને સમીક્ષા કરવી અને તેમાં જો કોઈ ત્રુટી હોય તો તેને ઝડપથી દૂર કરવા મુખ્યમંત્રીશ્રીએ દરેક વિભાગના સચિવશ્રીઓને આદેશ આપ્યા છે, જેથી વધુમાં વધુ નાગરિકોને યોજનાકીય લાભ આપી શકાય, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

# આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ હેઠળ રાજ્યની ૧૦,૭૦૮ કેન્દ્રોની થઈ કાયાકલ્પ

### બાળકો અને સગર્ભા-ધાત્રી માતાઓ માટે આંગણવાડીઓ બની વધુ સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાજનક



**રાજ્ય સરકાર, લોકભાગીદારી અને CSR ફંડના સહયોગથી માળખાકીય સુવિધાઓનું સુદ્રઢીકરણ**

કમલમ્,

ગુજરાતના છેવાડાના ગામડાઓથી લઈને મહાનગરો સુધીના બાળકોના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હેઠળ રાજ્યભરમાં આંગણવાડી કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. આ આંગણવાડી કેન્દ્રોને વધુ સુવિધાયુક્ત બનાવવા માટે રાજ્યભરમાં 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ અંતર્ગત રાજ્યના ૧૦,૭૦૮ જેટલા આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે, જ્યારે બાકીના કેન્દ્રોમાં કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનીષાબેન વકીલના માર્ગદર્શનમાં આ ઝૂંબેશ હેઠળ આંગણવાડીઓને માત્ર રિપેરિંગ જ નહીં, પરંતુ આધુનિક શિક્ષણના કેન્દ્રો તરીકે બદલાવ કરવામાં આવશે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય આવતીકાલના નાગરિકોને એક એવું વાતાવરણ પૂરું પાડવાનો છે જ્યાં શિક્ષણ, પોષણ અને રમતગમતનો અદભૂત સંગમ હોય. આ ઝુંબેશનો મુખ્ય લક્ષ્યાંક આંગણવાડી કેન્દ્રોને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને ચાઈલ્ડ ફ્રેન્ડલી બનાવવાનો છે. ૧૬ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થયેલી આ ઝુંબેશમાં ખાસ કરીને પોતાના મકાન ધરાવતી આંગણવાડીઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર સુધારાઓ કરવામાં આવી રહ્યાં છે. આંગણવાડી નવીનીકરણ અંતર્ગત કેન્દ્રોની અંદર અને બહારની સંપૂર્ણ સ્વચ્છતા, બાળકોને આકર્ષે તેવું સુંદર રંગરોગાન, પીવાનું પાણી, શૌચાલય જેવી માળખાકીય સુવિધાઓનું સુદ્રઢીકરણ તથા જરૂરિયાત મુજબનું નાનું-મોટું સમારકામ કરવામાં આવ્યું છે. આ ઝૂંબેશમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી વાર્ષિક જાળવણી અને રિનોવેશન ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, જિલ્લા-મનપાના ફંડ, લોકભાગીદારી અને CSR ફંડનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ નવીનીકરણથી આંગણવાડીમાં આવતા બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને મળતા પૂરક પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણના લાભો વધુ સુદ્રઢ વાતાવરણમાં મળશે. કેન્દ્રોના આધુનિકીકરણથી લાભાર્થીઓની સંખ્યામાં વધારો થશે અને સમાજમાં આંગણવાડી પ્રત્યે એક સકારાત્મક અભિગમ કેળવાશે. સરકારના આ અદભુત પ્રયાસથી રાજ્યનું બાળપણ વધુ સુરક્ષિત અને સુવિધાયુક્ત બનશે.

# ઔદ્યોગિક તથા MSME યોજનાઓના લાભાર્થીઓને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 'સિંગલ કિલક પેમેન્ટ' દ્વારા રૂ. ૪૬૧ કરોડની સહાયનું વિતરણ

### MSME ની વિવિધ યોજના હેઠળ ૧૭૧૫ લાભાર્થીઓને ૮૦.૯૬ કરોડ, ટેક્ષટાઇલ યોજનામાં ૨૦૨ લાભાર્થીઓને ૧૮૪.૯૭ કરોડ તથા લાર્જ ઇન્ડસ્ટ્રીના ૧૨૬ લાભાર્થીઓને ૧૮૮.૭૭ કરોડની સહાય ચૂકવાઈ



### ઉદ્યોગ અને MSME વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૨૦૪૮ લાભાર્થીઓને ઈ-પેમેન્ટ મારફતે સીધા સીધા બેંક ખાતામાં રકમ જમા કરાવવામાં આવી

કમલમ્,

ગુજરાત સરકારના ઉદ્યોગ અને MSME વિભાગ દ્વારા રાજયના લાભાર્થીઓને ઝડપી અને પારદર્શક રીતે નાણાકીય સહાય પહોંચાડવાના ઉમદા હેતુથી સાંજે ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ આયોજિત આ "સિંગલ ક્લિક પેમેન્ટ પ્રોગ્રામ"માં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સિંગલ કિલકથી કુલ ૨૦૪૮ લાભાર્થીઓના બેંક ખાતામાં રૂ. ૪૬૧.૦૪ કરોડની માતબર રકમ સીધી જમા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગ વિભાગની વિવિધ પ્રોત્સાહક યોજનાઓનો વ્યાપક લાભ આપવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે MSME ક્ષેત્રની વિવિધ યોજનાઓ હેઠળ ૧૭૧૫ લાભાર્થીઓને રૂ. ૮૦.૯૬ કરોડની સહાય ચુકવવામાં આવી છે. આ ઉપરાંત, રાજયના મહત્વના ટેક્ષટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ૨૦૨ લાભાર્થીઓને રૂ. ૧૮૪.૯૭ કરોડ અને લાર્જ ઈન્ડસ્ટ્રીઝ (મોટા ઉદ્યોગો)ના ૧૨૬ લાભાર્થીઓને રૂ. ૧૮૮.૭૭ કરોડની સહાય ઈ-પેમેન્ટ મારફતે ત્વરિત પૂરી પાડવામાં આવી છે. રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સહાય ચુકવણીની પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ, સરળ અને ટેકનોલોજી આધારિત બનાવવાનો છે. આ પ્રકારના ડિજિટલઅભિગમથીલાભાર્થીઓને સમયસર અને વચેટિયાઓ વગર પારદર્શક રીતે સહાય પ્રાપ્ત થઈ રહ્યો છે. ગુજરાત સરકાર રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ, રોકાણ પ્રોત્સાહન અને રોજગારીના સર્જન માટે સતત પ્રયત્નશીલ છે, અને આ 'સિંગલ ક્લિક' પ્રક્રિયા તે દિશામાં એક મજબૂત કદમ સાબિત થઈ છે.

# લગ્નમાં 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે ચોક્કસપણે સખત પગલા લેવાશે, આ સરકાર દરેક દીકરીના સન્માનની અને આપણી સનાતન પરંપરાની રક્ષક છે: શ્રી હર્ષ સંઘવી

કમલમ્,

ગુજરાત વિધાનસભાના ગૃહમાં આજે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નિયમ ૪૪ હેઠળ એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ બાબત પર નિવેદન આપ્યું હતું. રાજ્યમાં દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાને જાળવી રાખવા માટે સરકાર 'ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ ૨૦૦૬'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં ધરખમ સુધારા કરવા જઈ રહી છે. આ સુધારા અંતર્ગત હવે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાને સામેલ કરવામાંઆવ્યા છે. લગ્ન નોંધણીમાં 'છળકપટ' રોકવા લાવવામાં આવેલા આ સુધારાઓ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં વેદના સાથે જણાવ્યું હતું કે, રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં કેટલીક છટકબારીને કારણે ગેરઉપયોગ થઈ રહ્યો છે. અસામાજિક તત્વો પોતાની સાચી ઓળખ છુપાવી, લાલચ આપી કે છળકપટથી રાજ્યની દીકરીઓને પ્રેમની જાળમાં ફસાવે છે. પંચમહાલ જિલ્લામાં અનેક બોગસ લગ્નો નોંધાયા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પંચમહાલના કંકોડાકોઈ અને નાથકુવા જેવા ગામોમાં, જ્યાં એક પણ મુસ્લિમ પરિવાર નથી, ત્યાં તલાટી-કમ-મંત્રી દ્વારા સેંકડો 'નિકાહ' સર્ટિફિકેટ ઈશ્યૂ કરવામાં આવ્યા છે, જે ઊંડાણપૂર્વક તપાસ કરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે. નવા સૂચિત નિયમોની મુખ્ય વિશેષતાઓ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દીકરીઓના સુરક્ષા કવચ સમાન જે ફેરફારો લાવી રહી છે તેમાં મુખ્યત્વે માતા-પિતાની સામેલગીરી છે. લગ્નની નોંધણી વખતે હવે માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે માટે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ નવા નિયમો અંગે રાજ્યના નાગરિકો પાસેથી ૩૦ દિવસ સુધી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે. એક કમિટીની રચના કરવામાં આવશે જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનો ધ્યાને લઈ તેનો અમલ કરવામાં આવશે. શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દીકરી જ્યારે જન્મે છે ત્યારે પિતાના આંગણામાં તુલસીનો ક્યારો બનીને ઉછરે છે. લવ-મેરેજનો વિરોધ નથી, પણ 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે આ સરકાર ચોક્કસપણે સખત પગલા લેશે. આ સરકાર દરેક દીકરીના સન્માનની અને આપણી સનાતન પરંપરાની રક્ષક છે. શ્રી હર્ષ સંઘવીએ 'લવ જેહાદ' અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, ઓળખ છુપાવીને થતા લગ્નો એ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે. સનાતન પરંપરા અને ભારતની લગ્ન વ્યવસ્થાને બચાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર કટિબદ્ધ છે. તેમણે કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, "કોઈ સલીમ સુરેશ બનીને રાજ્યની દીકરીને ફસાવશે તો આ સરકાર એવા હાલ કરશે કે તે ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે." રાજ્યની અનેક સામાજિક સંસ્થાઓ સાથે છેલ્લા ત્રણ મહિનામાં કાયદા અને ન્યાય વિભાગના રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરિયાએ પણ ૩૦ જેટલી બેઠકો યોજીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**::નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી::**

- સનાતન પરંપરા અને ભારતની લગ્ન વ્યવસ્થાને બચાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના મર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર કટિબદ્ધ
- પંચમહાલના કેટલાક ગામોમાં, જ્યાં એક પણ મુસ્લિમ પરિવાર કે મસ્જિદ નથી, ત્યાં સેંકડો 'નિકાહ' સર્ટિફિકેટ ઇશ્યૂ થયા, જે અંગે ઊંડાણપૂર્વક તપાસ કરીને કડક કાર્યવાહી કરવામાં આવી
- ઓળખ છુપાવીને થતા લગ્નો એ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે, કોઈ સલીમ સુરેશ બનીને રાજ્યની દીકરીને ફસાવશે તો આ સરકાર તેના એવા હાલ કરશેકે તે ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે
- આ પ્રક્રિયામાં હજુ કોઈ સુધારા કે કડકાઈ લાવવા બાબતે રાજ્યના નાગરિકો પાસેથી ૩૦ દિવસમાં વાંધા સૂચનો મંગાવવામાં આવ્યા, કમિટીની રચના કરાઈ
- લગ્નની નોંધણી વખતેહવે માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે માટે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે

# પ્રદેશ ભાજપ મહામંત્રીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લા ભાજપાની બૃહદ બેઠક યોજાઈ

### સંગઠનાત્મક કાર્યક્રમો અને ભાજપાની કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરી જમીની સ્તરે પહોંચાડવા સતત કાર્યશીલ રહેવા અંગે વિગતવાર માર્ગદર્શન આપતા પ્રદેશ ભાજપ મહામંત્રીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ





**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના સક્ષમ નેતૃત્વ હેઠળ દેશમાં વિકાસની સુનિશ્ચિતતા સાથે દેશની ગૌરવશાળી સંસ્કૃતિ અને વારસાને ગર્વ સાથે ભવ્યતા આપવાનું કાર્ય થઈ રહ્યું છે - શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ**

કમલમ્,

ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રદેશ મહામંત્રીશ્રી અને ઉતર ઝોનના ઈન્ચાજશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં અને જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અનિલભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર જિલ્લા ભાજપાની બૃહદ બેઠક યોજાઈ ગઈ હતી. પ્રદેશ ભાજપા મહામંત્રી અને ઉત્તર ઝોનના ઈન્ચાર્જ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટે બેઠકમાં જિલ્લા સંગઠનના મુખ્ય માળખા થી લઈને બુથ સ્તર સુધીની સંગઠન વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા અંગે તેમજ સંગઠનાત્મક કાર્યક્રમો અને ભાજપાની કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરી જમીની સ્તરે પહોંચાડવા સુચારુ આયોજન સાથે સતત કાર્યશીલ રહેવા અંગે સંવાદ કરી વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ સંગઠનનાં પદાધિકારીઓનો પરિચય મેળવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ભાજપા પાસે આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના સ્વરૂપે દ્રઢ અને મજબૂત નેતૃત્વ છે. આ સક્ષમ નેતૃત્વ હેઠળ દેશમાં વિકાસની સુનિશ્ચિતતા સાથે દેશની ગૌરવશાળી સંસ્કૃતિ અને વારસાને ગર્વ સાથે ભવ્યતા આપવાનું કાર્ય થઈ રહ્યું છે.

આ પ્રસંગે જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભાજપાનો કાર્યકર્તા 'પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુખે દુખી' મંત્ર સાથે કાર્ય કરતો આવ્યો છે. કોઈપણ પરિસ્થિતિમાં પ્રજાની વચ્ચે રહેવું એ ભાજપના કાર્યકર્તાનો ગુણધર્મ છે માટે જનતા વચ્ચે ભાજપાની અતૂટ સ્વીકૃતિ છે. આ બૃહદ બેઠકમાં ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણ, જિલ્લા મહામંત્રીશ્રી પિયુષભાઈ પટેલ, શ્રી ભુલાભાઈ દેસાઈ, શ્રી કિરીટસિંહ બિહોલા સહિત જિલ્લા ભાજપાના પદાધિકારીઓ, કલોલ, માણસા અને દહેગામ ભાજપા સંગઠનના પદાધિકારીઓ, તાલુકા - જિલ્લા પંચાયતના સદસ્યો અને શકિતકેન્દ્ર સંયોજકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# તત્વમસિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલા સશકિતકરણ અંગેનો કાર્યક્રમ



કમલમ્,

તત્વમસિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલા સશક્તિકરણ અંગે જનજાગૃતિનો કાર્યક્રમ ડોલવણ તાલુકાના કાકડવા ગામ ખાતે મહિલા અને બાળ વિકાસની કચેરી તાપી તેમજ બેંક ઓફ બરોડા પ્રાયોજીત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન તાપીના સહયોગથી કરવામાં આવ્યો. મહિલાઓ-બાળકોના શિક્ષણ,સ્વરોજગાર,સુરક્ષા માટે ચાલતી સરકારશ્રીની વિવિધ યોજનાઓ,સહાયકેન્દ્રો અંગે વિગતવાર માહિતી ટ્રસ્ટનાં સંસ્થાપકશ્રી હિરેનભાઈ ચૌધરી, દીપેશભાઈ ગામીત,મહિલા અને બાળ વિભાગથી કલ્પનાબેન ગામીત, નલીનીબેન ચૌધરી, નિલમબેન, બેંક ઓફ બરોડામાંથી અનિલભાઈ ગામીત, આશિષભાઈ ચૌધરી દ્વારા ગ્રામજનોને આપવામાં આવી હતી. આ સેમિનારનાં સફળ આયોજનમાં કાકડવા ગામનાં વિકાસશીલ સરપંચશ્રી ધર્મેશભાઈ ચૌધરીનો વિશેષ સહયોગ રહ્યો. આજનાં મહિલાસશકતીકરણનાં કાર્યક્રમમાં કાકડવાનાં ઉપસરપંચશ્રી કાર્તિકભાઈ, પંચાયતના સભ્યો શ્રી અનિલભાઈ, યોગેશભાઈ, સંજયભાઈ, ગ્રામજનો, નારી-શકિત ઉત્સાહભેર સહભાગી થયેલ હતા

# AI-સંચાલિત જીન સિક્વન્સિંગ વ્યક્તિગત તબીબી પ્રિસ્ક્રિપ્શનોને પ્રોત્સાહન આપશે: ડૉ. જિતેન્દ્ર સિંહ

## DBT નું જીનોમિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બાયોટેકનોલોજીમાં ભારતના AI પુશના ચેતા કેન્દ્ર (Nerve Centre) તરીકે ઉભરી આવ્યું છે: ડો. જિતેન્દ્ર સિંહ



કમલમ્,

ભારત સરકારના બાયોટેકનોલોજી વિભાગ (DBT) દ્વારા હાથ ધરવામાં આવેલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)-સંચાલિત જીન સિક્વન્સિંગ, વ્યક્તિગત તબીબી પ્રિસ્ક્રિપ્શનો અને પ્રિડિક્ટિવ મેડિસિન (આગાહીયુક્ત દવા) તરફ ભારતના સંક્રમણને શક્તિ આપવાનું વચન આપે છે, તેમ કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે દેશની કેટલીક સૌથી મહત્વપૂર્ણ AI એપ્લિકેશન્સ હાલમાં જીનોમિક્સમાં પ્રગટ થઈ રહી છે. ચાલુ AI ઈમ્પેક્ટ સમિટની પૃષ્ઠભૂમિમાં, મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે DBT દ્વારા સમર્થિત મોટા પાયાના જીનોમ સિક્વન્સિંગ પહેલ પહેલેથી જ AI-સક્ષમ છે, અને ભવિષ્યના તબીબી પ્રિસ્ક્રિપ્શનો વધુને વધુ AI-સુવિધાયુક્ત પ્લેટફોર્મ્સ દ્વારા વિશ્લેષણ કરાયેલ વ્યક્તિગત આનુવંશિક પ્રોફાઈલ્સ પર આધારિત હશે. "અમારું જીન સિક્વન્સિંગ કાર્ય AI-સંચાલિત છે. આવતીકાલે, જ્યારે આપણે વ્યક્તિગત પ્રિસ્ક્રિપ્શનો તરફ આગળ વધીશું, ત્યારે તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સુવિધાયુક્ત અમારા જીન અભ્યાસો પર આધારિત હશે," ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું. તેમણે રેખાંકિત કર્યું કે DBT ની જીનોમિક્સ ઈકોસિસ્ટમ ભારતને પરંપરાગત સારવાર મોડલ્સથી આગળ વધીને ડેટા અને કોમ્પ્યુટેશનલ બાયોલોજી દ્વારા સંચાલિત પ્રિસિઝન હેલ્થકેર (ચોકસાઈપૂર્ણ આરોગ્ય સંભાળ) તરફ લઈ જઈ રહી છે. આ ફેરફારને મજબૂત કરતા, ડૉ. જિતેન્દ્ર સિંહે જાહેરાત કરી કે DBT, BIRAC સાથે મળીને, ૨૦૨૬ માં "બાયો-AI મૂલાંકુર" (Bio-AI Mulankur) હબ સ્થાપિત કરશે જેથી એકીકૃત, ક્લોઝ્ડ-લૂપ સંશોધન પ્લેટફોર્મ્સ બનાવી શકાય જ્યાં AI-આધારિત આગાહીઓ, પ્રયોગશાળા માન્યતા અને ડેટા એનાલિટિક્સ એકીકૃત માળખામાં કાર્ય કરે. આ હબ જીનોમિક્સ ડાયગ્નોસ્ટિક્સ, બાયોમોલેક્યુલર ડિઝાઈન, સિન્થેટિક બાયોલોજી અને આયુર્વેદ-આધારિત સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું હતું કે ઉદ્દેશ્ય AI ને બાયોટેક્નોલોજી માં માત્ર એક ગૌણ વિશ્લેષણાત્મક સાધન તરીકે નહીં પરંતુ મુખ્ય વૈજ્ઞાનિક એન્જિન તરીકે સંસ્થાકીય બનાવવાનો છે, જે આર્થિક વૃદ્ધિ, પર્યાવરણીય સ્થિરતા અને રોજગાર નિર્માણ માટે ઉચ્ચ-પ્રદર્શન ધરાવતી બાયોમેન્યુફેક્ચરિંગને મજબૂત કરવાના હેતુથી BioE3 નીતિ સાથે સુસંગત છે. ચાલુ એપ્લિકેશન્સને ટાંકીને, મંત્રીએ ઇન્ડિયન ટ્યુબરક્યુલોસિસ જીનોમિક સર્વેલન્સ કન્સોર્ટિયમ (InTGS) તરફ ધ્યાન દોર્યું, જેને DBT દ્વારા સમર્થન પ્રાપ્ત છે, જ્યાં માયકોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસમાં ડ્રગ-રેઝિસ્ટન્સ (દવા-પ્રતિરોધક) મ્યુટેશનને સૂચિબદ્ધ કરવા માટે AI નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હોલ-જીનોમ સિક્વન્સિંગ ડેટાના AI-સક્ષમ વિશ્લેષણથી ડ્રગ રેઝિસ્ટન્સની પુષ્ટિ કરવાની સમયમર્યાદા અઠવાડિયાથી ઘટીને દિવસોમાં આવી ગઈ છે, જે ઝડપી ક્લિનિકલ પ્રતિસાદની મંજૂરી આપે છે અને જાહેર આરોગ્ય દેખરેખને મજબૂત બનાવે છે. માતૃત્વ સ્વાસ્થ્ય સંશોધનમાં, GARBH-Ini પ્રોગ્રામે અકાળ જન્મના જોખમ સાથે જોડાયેલા ૬૬ આનુવંશિક માર્કર્સને ઓળખવા માટે AI-સંચાલિત અલ્ટ્રાસાઉન્ડ ઈમેજ એનાલિટિક્સ અને જીનોમિક્સ સાધનો તૈનાત કર્યા છે. ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે આવી પહેલ દર્શાવે છે કે કેવી રીતે AI-સમર્થિત જીનોમિક્સ પ્રારંભિક જોખમની આગાહી અને લક્ષિત હસ્તક્ષેપને સક્ષમ કરી શકે છે, જે કેન્સર, ડાયાબિટીસ અને કાર્ડિયોવેસ્ક્યુલર રોગો માટે AI-આધારિત રિસ્ક મોડલ્સ વિકસાવવાના વ્યાપક પ્રયાસોનો ભાગ છે. મંત્રીએ હાઈલાઈટ કર્યું હતું કે કલ્યાણી ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોમેડિકલ જીનોમિક્સ અને હૈદરાબાદ ખાતે સેન્ટર ફોર DNA ફિંગરપ્રિન્ટિંગએન્ડડાયગ્નોસ્ટિક્સ માં સ્થાપિત નેશનલ જીનોમિક્સ કોર, AI-આધારિત સંશોધન માટે મહત્વપૂર્ણ હાઈ-થ્રુપુટ સિક્વન્સિંગ અને બિગ ડેટા એનાલિટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડે છે. જીનોમ ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ જનરેટ થયેલ ડેટા, જે દેશની આનુવંશિક વિવિધતાનો નકશો તૈયાર કરે છે, તેનું AI અને મશીન લર્નિંગ ટેકનિકનો ઉપયોગ કરીને વિશ્લેષણ કરવામાં આવી રહ્યો છે જેથી રોગ સાથે સંકળાયેલા વેરિઅન્ટ્સને ઓળખી શકાય અને ટ્રાન્સલેશનલ મેડિસિનને મજબૂત કરી શકાય. સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન જીનોમ સાયન્સ એન્ડ પ્રિડિક્ટિવ મેડિસિન હેઠળના સંશોધનનો ઉલ્લેખ કરતા, ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે વૈજ્ઞાનિકો રુમેટોઈડ આર્થરાઈટિસ (સંધિવા) માટે સંભવિત ડ્રગ ટાર્ગેટ્સ ઓળખવા માટે કોમ્પ્યુટેશનલ પ્રિડિક્શન અને AI-આધારિત માળખાગત વિશ્લેષણ લાગુ કરી રહ્યા છે. AI એપ્લિકેશન્સને સિંગલ-સેલ અને સ્પેશિયલ જીનોમિક્સ સુધી વિસ્તૃત કરવામાં આવી રહી છે જેથી ટ્યુમર માઈક્રોએન્વાયરમેન્ટ્સની પ્રોફાઈલ તૈયાર કરી શકાય, તેમજ પ્રોટીન એન્જિનિયરિંગ અને થેરાપ્યુટિક મોલેક્યુલ ડિઝાઈન સુધી પણ વિસ્તૃત કરવામાં આવી છે. મંત્રીએ કહ્યું હતું કે હવે ભાર BIRAC દ્વારા સમર્થિત ભાગીદારી દ્વારા બાયોટેકનોલોજીમાં AI ને પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ સંશોધનમાંથી માપી શકાય તેવા (scal-able), ઉદ્યોગ માટે તૈયાર ઉકેલોમાં સંક્રમિત કરવાનો છે. આ પહેલને ભારતના વ્યાપક વિજ્ઞાન અને નવીનતા માળખામાં મૂકતા, તેમણે કહ્યું હતું કે DBT ના જીનોમિક્સ પ્લેટફોર્મ્સ પર AI ને સામેલ કરવાથી પ્રિડિક્ટિવ હેલ્થકેર, રોગની દેખરેખ અને અદ્યતન બાયોમેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ મજબૂત થશે, જે વૈશ્વિક બાયોટેકનોલોજી લેન્ડસ્કેપમાં ભારતની સ્પર્ધાત્મકતાને વધુ મજબૂત બનાવશે.

# જળ સંરક્ષણની દિશામાં નિરંકારી મિશનનું સશકત પગલું 'પ્રોજેક્ટ અમૃત'નો ચોથો તબક્કો

## ગાંધીનગર-અમદાવાદનું સંયુક્ત જળ સ્ત્રોત સફાઈ અભિયાન નું આયોજન




કમલમ્,

સેવા જ્યારે સાધના બને અને પ્રકૃતિ પ્રત્યે સંવેદના જીવનનું મૂળ મંત્ર બને, ત્યારે પવિત્ર સંકલ્પો જન્મ લે છે. માનવ સેવા અને લોક કલ્યાણની આ જ દિવ્ય ચેતનાને સાકાર કરવા માટે સંત નિરંકારી મિશન દ્વારા 'પ્રોજેક્ટ અમૃત' હેઠળ 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાનના ચોથા તબક્કાનો ભવ્ય શુભારંભ રવિવાર, ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ પ્રાતઃ ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી પરમ શ્રદ્ધેય સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજના નિર્દેશાનુસાર સમગ્ર ભારતમાં ભવ્ય રીતે આયોજિત કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગર નિરંકારી મિશનના ભક્તો ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં આવેલ સાબરમતી નદી તથા અમદાવાદના ભક્તો સાથે મળી સંયુક્ત રીતે દહેગામ તાલુકાના કારોલી ગામ પાસે આવેલ તળાવની સફાઈ પણ કરશે. તેમ ગાંધીનગર નિરંકારી મિશનના પ્રેસ મીડિયા સહાયક, કનૈયાલાલ દેવાણી ની યાદીમાં જણાવ્યું છે. સંત નિરંકારી મંડળના સચિવ આદરણીય શ્રી જોગિંદર સુખીજા જીએ માહિતી આપતાં જણાવ્યું કે આ વિશાળ અભિયાન દેશભરમાં ૧૫૦૦થી વધુ સ્થળોએ એકસાથે આયોજિત થશે. આ વ્યાપક વિસ્તારને કારણે આ પ્રયાસ ઐતિહાસિક સ્વરૂપ ધારણ કરશે, જે જળ સંરક્ષણ તથા સ્વચ્છતાના સંદેશને સમાજના દરેક વર્ગ સુધી અસરકારક રીતે પહોંચાડશે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ સમાજને આ અનુભૂતિ કરાવવાનો છે કે જળ માત્ર સંસાધન નથી, પરંતુ જીવનનો આધાર અને ઈશ્વરની અમૂલ્ય દેન છે, જેની રક્ષા કરવી દરેક માનવનો નૈતિક કર્તવ્ય છે. સંત નિરંકારી મિશને બાબા હરદેવ સિંહ જીની પ્રેરણાદાયી શિક્ષાઓને આત્મસાત કરીને વર્ષ ૨૦૨૩માં સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી 'પ્રોજેક્ટ અમૃત'નો પ્રારંભ કર્યો હતો. આ પવિત્ર પહેલ જળ સંરક્ષણને કોઈ એક દિવસ કે અભિયાન સુધી મર્યાદિત ન રાખીને તેને જીવનશૈલી, સંસ્કાર અને સેવાભાવના સ્વરૂપે અભિવ્યક્ત કરવાની પ્રેરણા આપે છે, જ્યાં સ્વચ્છ જળથી સ્વચ્છ મન અને સ્વચ્છ સમાજનું નિર્માણ શક્ય બને. નદીઓ, તળાવો, કૂવા તથા ઝરણાં જેવા કુદરતી જળ સ્ત્રોતોના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત આ જનઆંદોલને પોતાના પ્રથમ ત્રણ તબક્કાઓમાં સેવા, સમર્પણ અને સહભાગિતાનું અદભૂત ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. આ જ સિદ્ધિઓથી પ્રેરિત થઈને આ તબક્કાને વધુ વિસ્તૃત, સંગઠિત અને દૂરદર્શી દષ્ટિકોણ સાથે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે જેથી સમાજના દરેક વર્ગમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ અને સહભાગિતાની સુદૃઢ ચેતનાનો વિસ્તાર થઈ શકે. ગીતોની મધુર રજૂઆતો, સામૂહિક ગાન, જાગૃતિ સંગોષ્ઠીઓ તથા સોશિયલ મીડિયા અભિયાનો દ્વારા જળજન્ય રોગો તથા સ્વચ્છતાના મહત્વ અંગે જનચેતનાને પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. આ પહેલ એ સ્મરણ કરાવે છે કે જ્યારે મન નિર્મળ હોય ત્યારે જ પ્રકૃતિ પણ સ્વચ્છ હોય છે, અને જ્યારે સેવામાં સમર્પણ જોડાય છે ત્યારે સમાજનું નવનિર્માણ થાય છે. સત્ગુરુ માતા જીનો સંદેશ હંમેશાં આ જ રહ્યો છે કે આપણે આ ધરતીને આવનારી પેઢીઓ માટે પહેલાં કરતાં વધુ સુંદર, સ્વચ્છ અને સંતુલિત રૂપમાં સંભાળી રાખીએ. 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાન તે જ પવિત્ર સંકલ્પનું જીવંત પ્રતીક છે, જે માનવને પ્રકૃતિ, સમાજ અને આત્મા સાથે જોડીને કરુણા, સંતુલન અને સૌહાર્દથી પરિપૂર્ણ ભવિષ્ય તરફ માર્ગદર્શન કરે છે.

# ગાંધીનગર જિલ્લાના પ્રવાસન સ્થળોની થશે કાયાકલ્પનો સહિયારો સંકલ્પ

## કલેકટરશ્રી મેહુલ કે. દવેના અધ્યક્ષસ્થાને યોજાઈ જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટીની બેઠક



**વહીવટી તંત્ર અને ધારાસભ્યશ્રીઓ ની જાગૃતતા થકી જિલ્લાના વિવિધ ધાર્મિક, ઐતિહાસિક અને પૌરાણિક ક્ષેત્રના વિકાસને મળશે નવી દિશા**

કમલમ્,

ગાંધીનગર જિલ્લાના પ્રવાસન ક્ષેત્રને વધુ વેગ આપવા અને ઐતિહાસિક-ધાર્મિક સ્થળોના વિકાસ માટે જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ કે. દવેના અધ્યક્ષસ્થાને 'જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી'ની એક મહત્વપૂર્ણ બેઠક કલેક્ટર કચેરીના વિડિયો કોન્ફરન્સ રૂમ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોને તેમની વિશેષતાના આધારે મુખ્ય ત્રણ કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. કલેક્ટર શ્રીએ આ ત્રણેય શ્રેણીમાં આવતા પ્રવાસન ધામોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. જે સ્થળોએ નવીનીકરણ અને મરામતની તાતી જરૂરિયાત છે, ત્યાં તાત્કાલિક અસરથી કામગીરી શરૂ કરવા અને તે માટે જરૂરી બજેટ ફાળવણી કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન કલેક્ટર શ્રી મેહુલ કે. દવેએ અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, પ્રવાસન સ્થળોનો વિકાસ એવી રીતે કરવામાં આવે જેથી તેની મૂળભૂત ઓળખ અને સ્થાપત્યની જાળવણી થાય. તેમણે પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા અને શૌચાલય જેવી પાયાની જરૂરિયાતો પર વિશેષ ધ્યાન આપવા સૂચના આપી હતી. આ બેઠકમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ,માણસા તાલુકાના ધારાસભ્ય શ્રી જે.એસ પટેલ, દહેગામ ધારાસભ્ય શ્રી બલરાજ સિંહ ચૌહાણ, કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા.જેમણે પોતાના વિસ્તારમાં આવતા ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોના વિકાસ માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન પણ આપ્યું હતું.

# વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના મંત્રને સાર્થક કરવા રાજયના સુગ્રથિત વિકાસ માટે રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર: આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલ

## યુવા, મહિલા, ખેડૂત અને ગરીબના વિકાસની ચિંતા કરીને વ્યથા નહિ પણ વ્યવસ્થા સાથે આગળ વધતું ગુજરાત



**ગુજરાતને આજે વૈશ્વિક ફલક ઉપર જે ઓળખ મળી છે તે રાજ્યની પ્રગતિશીલ વિચારસરણી અને વિકાસને રાષ્ટ્રીય આંદોલન બનાવનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય નેતૃત્વનું પ્રતિબિંબ**

કમલમ્,

વિધાનસભામાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સંબોધન પરના આભાર પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના મંત્રને સાર્થક કરવા તેમજ ગુજરાતની પ્રજાનો સર્વ સમાવેશી, સર્વસ્પર્શી અને સર્વાંગી વિકાસ કરવા માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાતને આજે વૈશ્વિક ફલક ઉપર જે ઓળખ મળી છે તે ગુજરાતની પ્રગતિશીલ વિચારસરણી અને વિકાસને રાષ્ટ્રીય આંદોલન બનાવનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય નેતૃત્વનું પ્રતિબિંબ છે. ગુજરાત માટે વિકાસની પરિભાષા એટલે એવો વિકાસ કે જેમાં "સર્વજન હિતાય સર્વજન સુખાય"ની ભાવના અને આ ભાવના સાથે જોડાયેલી વિકાસયાત્રામાં યુવા, મહિલા, ખેડૂત અને ગરીબના વિકાસની ચિંતા કરીને, વ્યથા નહિ પણ વ્યવસ્થા સાથે આ ગુજરાત ખૂબ આગળ વધી રહ્યું છે. રત્નાકર ઘૂઘવતો, ગૂંજતો ડમરૂ નાદ...શત દશકે અખંડ, સોમૈયાનું સ્વાભિમાન... પંક્તિ થકી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, માત્ર ગુજરાતની જ નહીં, સમગ્ર ભારત વર્ષની આન, બાન, શાન અને સ્વાભિમાનનું પ્રતિક એટલે સોમનાથ.

વિનાશથી વિકાસની સફરનું સાક્ષી એટલે સોમનાથ. ૧૨ જ્યોતિર્લિંગમાંના પ્રથમ એવા સોમનાથ ઉપર એક કરતાં વધુ વખત થયેલા આક્રમણો બાદ પણ મંદિર અડીખમ ઉભું રહ્યું હતું. આ મંદિરને હજાર વર્ષ પરિપૂર્ણ થયાના અવસરને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતે સ્વાભિમાન પર્વ તરીકે ઉજવ્યું છે. વર્ષ ૧૦૨૬થી ૨૦૨૬ સુધી સંઘર્ષ, શૌર્ય, વીરતા, સ્વાભિમાન અને અતૂટ શ્રધ્ધાના એક હજાર વર્ષ સાથે સ્વાભિમાન પર્વનો સંદેશ નવી પેઢીમાં ભારતની શાશ્વત સનાતન સંસ્કૃતિની ગાથાને આત્મસાત કરવાની પ્રેરણા આપનારો ઉત્સવ બની રહ્યો છે. આ વર્ષે સમગ્ર દેશવાસીઓ અને ખાસ કરીને ગુજરાત માટે ગૌરવવંતુ રહ્યું છે, તેમ જણાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ તથા ધરતીઆબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીનું આ વર્ષ એક ઐતિહાસિક વર્ષ બની રહ્યું છે. રાષ્ટ્રીય ગૌરવને ઉજાગર કરવાનું આ પાવન પર્વ છે. આ વર્ષ રાષ્ટ્રગાન વંદે માતરમ્ તથા સરદાર સાહેબની રાષ્ટ્રીય વિચારધારાને ઉજાગર કરવાનું પ્રેરણા સ્ત્રોત બની રહ્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રી શ્રી પટેલે કહ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૧થી ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ ૧૫ નવેમ્બરને 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે મનાવવાની જાહેરાત કરી અને સમગ્ર દેશમાં ૨૦૨૫નું વર્ષ 'જનજાતિય ગૌરવ વર્ષ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયના ભાગરૂપે માં અંબાજીની પવિત્ર ધરતીથી એકતાનગર સુધી ૭૧૩ કિ.મી. અને વલસાડના ઉમરગામના કલગામ હનુમાનજી મંદિરથી એકતાનગર સુધી ૬૬૫ કિ.મી. મળી કુલ ૧૩૭૮ કિ.મી.ના આદિજાતિ વિસ્તારને આવરી લેતી ''જનજાતિય ગૌરવ યાત્રા''નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં નાગરિકોએ અનેક સ્થળો ઉપર ભાગ લઈ ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હર્ષોલ્લાસ સાથે આ યાત્રાના વધામણા કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, બન્ને મહાન વિભૂતિ સરદાર વલ્લભભાઈ પટેલ અને ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યુનિટી માર્ચ અને જનજાતિ ગૌરવ યાત્રાનું સમાપન એકતાનગર ખાતે સંપન્ન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીની આગેવાનીમાં નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતે આદિવાસી સમાજની કુળદેવી માં દેવમોગરા અને પાંડોરી માતાજીની પવિત્ર ભૂમિ ઉપર તા. ૧૫મી નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરી ભગવાન બિરસા મુંડાજીને અને સમગ્ર આદિવાસી સમાજને સન્માન આપવાનું કામ કરવામાં આવ્યું છે. ખેડૂતોના ઉત્કર્ષ વિશે મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ભૂતકાળમાં ખેડૂતો માટેની કોઈપણ લોન યોજનામાં ૧૨ થી ૧૮ ટકાનું વ્યાજ લેવાતું હતું. ક્યારેક કમનસીબે વર્ષ નબળું પડે અને ખેડૂત દેવાદાર બને તો મુદ્દલ કરતા વ્યાજ બમણું થઈ જતું હતું એવા અનેક દાખલા છે. જ્યારે આજે રાજ્ય સરકાર દ્વારા ઝીરો ટકાએ ૩ લાખ સુધીની ખેડૂતોને લોન આપવામાં આવે છે. તેમણે કહ્યું કે, યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશની ધુરા સંભાળ્યા પછી ખેડૂતોના પડખે ઉભા રહી તેમની આવક બમણી કરવાના શુભ હેતુ સાથે 'પ્રધાનમંત્રી કિસાનનીધિ યોજના' શરૂ કરી હતી. જે અંતર્ગત આજદિન સુધી ૧ થી ૨૧ હપ્તા થકી આશરે રૂ. ૨૨ હજાર કરોડની સહાય ૫૯ લાખથી વધુ ખેડૂત કુટુંબોનેતેમના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવી છે.

રાજયમાં અતિવર્ષાના કપરા સમયમાં સરકાર ખેડુતોના અડગ સાથીદાર તરીકે ઉભી રહી છે. કમોસમી વરસાદ સામે ચાલુ વર્ષે ૩૩ લાખથી વધારે ખેડુતોને રૂ. ૯,૬૧૦ કરોડની સહાય સીધી અસરગ્રસ્ત ખેડુતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. આ કામગીરી રાજ્ય સરકારની ખેડૂતો પ્રત્યેની સંવેદનશીલતા અને પ્રતિબધ્ધતા દર્શાવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. સિંચાઈ યોજનાઓ વિશે માહિતી આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, કડાણા, પાનમ, કરજણ, ઉકાઈ જળાશય તેમજ નર્મદા નહેર આધારિત કુલ ૧૧ ઉદવહન સિંચાઈ યોજનાઓ દ્વારા આદિવાસી બહુમતી ધરાવતા દાહોદ, પંચમહાલ, મહિસાગર, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાના ૭૬૯ ગામોના આશરે ૯૨ હજાર હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ આપવામાં આવી રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે રાજ્ય સરકારના પ્રયાસો વિશે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, એકલવ્ય મોડેલ રેસીડેન્શિયલ શાળાઓમાં ૫૪ શાળાઓ અને ૨ સૈનિક શાળાઓ સાથે કુલ ૧૫,૪૧૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ૪૩ શાળાઓમાં ૧૫,૫૨૦ કન્યાઓને ધોરણ ૬થી ૧૨ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે, જેનો ઉદ્દેશ કન્યાઓના ડ્રોપઆઉટને અટકાવવાનો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# AI એ વિકસિત ભારત ૨૦૪૭ માટે નિર્ણાયક બળ: મુકેશ અંબાણી











કમલમ્,

ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ ના ભાગ રૂપે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ ધીરુભાઈ અંબાણી; ડીપમાઈન્ડ ટેકનોલોજીસના સીઈઓ ડેમિસ હસાબિસ; વિઆનાઈ સિસ્ટમ્સ ઈક.ના સીઈઓ વિશાલ સિક્કા; અને વિપ્રોના એક્ઝિક્યુટિવ ચેરમેન રિષદ પ્રેમજીએ ચાર મુખ્ય સત્રોમાં જવાબદાર, સમાવિષ્ટ અને મોટા પાયે ડિપ્લોઈમેન્ટ સુનિશ્ચિત કરતી વખતે, વૈશ્વિક એઆઈ પરિવર્તનમાં ભારતને મોખરે રાખવા માટે એક સમાન દ્રષ્ટિકોણ શેર કર્યો.. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ ધીરુભાઈ અંબાણીએ તેમના મુખ્ય સંબોધનમાં આ સમિટને રાષ્ટ્ર માટે એક વળાંક ગણાવતા કહ્યું, “ગ્લોબલ AI ઈમ્પેક્ટ સમિટ એ ભારતના ટેકનોલોજી ઈતિહાસમાં એક નિર્ણાયક ક્ષણ છે, એક એવી ક્ષણ જ્યારે ભારત તેના વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે AI ને પ્રેરક દળોમાંનું એક બનાવવાની પ્રતિજ્ઞા લે છે:

આપણી સ્વતંત્રતાની ગૌરવશાળી શતાબ્દી, ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનવાનું વિઝન.” સત્તાના કેન્દ્રીકરણને બદલે લોકશાહીકરણ પર ભાર મૂકતા તેમણે ઉમેર્યું, “પરંતુ એક બીજો રસ્તો પણ છે: એવું ભવિષ્ય જ્યાં AI દરેક માટે ઉપલબ્ધ, સસ્તું અને ફાયદાકારક હોય. ભારત આ બીજા ભવિષ્યમાં વિશ્વાસ રાખે છે.” તેમણે સોવરેન કોમ્પ્યુટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન-પાવર્ડ (હરિત ઊર્જા સંચાલિત) ડેટા સેન્ટર્સ અને એજ ઈન્ટેલિજન્સમાં મોટા પાયે રોકાણ કરવાની પણ જાહેરાત કરી હતી, જે AI ને ભારતની આગામી વિકાસની છલાંગ માટે કેન્દ્રસ્થાને રાખે છે.

ડીપમાઈન્ડ ટેકનોલોજીસ ના CEO ડેમિસ હાસાબિસે AI ના સાયન્ટિફિક પ્રોમિસ અને વિશ્વ જે ઉંબરે ઉભું છે તે ક્ષણ પર પ્રતિબિંબ પાડતા જણાવ્યું હતું કે, “અને હવે ૨૦૨૬ માં, આપણે બીજા એક ઉંબરે છીએ જ્યાં AGI, આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ, ક્ષિતિજ પર છે, કદાચ આગામી પાંચ વર્ષમાં.” આગળ આવનારા પરિવર્તનના કદનું વર્ણન કરતા તેમણે કહ્યું, “મને લાગે છે કે તે ઔદ્યોગિક ક્રાંતિની અસર કરતા લગભગ ૧૦ ગણું હશે, પરંતુ ૧૦ ગણી ઝડપે થશે.” તેમણે વૈજ્ઞાનિક ચોકસાઈ, આંતરરાષ્ટ્રીય સહયોગ અને સર્વસમાવેશક સંવાદની જરૂરિયાત પર ભાર મૂક્યો જેથી AI થી સમગ્ર માનવતાને લાભ થાય. વિઆનાઈ સિસ્ટમ્સ ઈકના CEO વિશાલ સિક્કાએ છૈં પહેલેથી જ આપી રહેલા અસાધારણ ઉત્પાદકતા લાભો પર પ્રકાશ પાડ્યો હતો અને સાથે જ આત્મસંતોષ સામે ચેતવણી આપી હતી. તેમણે કહ્યું, “જે લોકો AI નો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજે છે તેઓ તેની સાથે આશ્ચર્યજનક રીતે પ્રભાવશાળી છે.”

તે જ સમયે, તેમણે સુરક્ષા, વિશ્વસનીયતા અને ઊર્જાની ચિંતાઓને સંબોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, ભારતને માત્ર AI અપનાવવા માટે જ નહીં પરંતુ તેની આગામી પેઢી બનાવવા માટે વિનંતી કરતા ઉમેર્યું હતું કે, “આપણે માત્ર આજના AI માં નિપુણતા મેળવવાની જ નથી, પરંતુ આપણે તેનાથી આગળ નીકળી જવાનું (leapfrog) છે.” વિપ્રોના એક્ઝિક્યુટિવ ચેરમેન રિશાદ પ્રેમજીએ વ્યવહારુ ઉપયોગ અને એન્ટરપ્રાઈઝ-સ્કેલ ટ્રાન્સફોર્મેશન પર ધ્યાન કેન્દ્રિત કરતા જણાવ્યું હતું કે, “પેઢીમાં એકવાર એવી ટેકનોલોજી ઉભરી આવે છે જે આપણે શું કરી શકીએ છીએ તે જ નથી બદલતી, તે ખરેખર આપણે શું કરવું જોઈએ તે બદલી નાખે છે. મારા માટે AI ચોક્કસપણે તે ટેકનોલોજી છે.” તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મૂલ્ય વાસ્તવિક દુનિયામાં તેના ઉપયોગથી આવશે, અને નોંધ્યું કે, “ટેકનોલોજી ત્યારે જ મૂલ્ય પેદા કરે છે જ્યારે તેનો ઉપયોગ વાસ્તવિક દુનિયાની સમસ્યાઓને જવાબદારીપૂર્વક અને મોટા પાયે ઉકેલવા માટે કરવામાં આવે.” આરોગ્ય સંભાળ, કૃષિ અને જાહેર સેવાઓના ઉદાહરણો ટાંકીને તેમણે ભારતને એપ્લાઈડ AI ઈનોવેશન માટે એક મહત્વપૂર્ણ વાતાવરણ તરીકે ગણાવ્યું હતું. આ ચારેય સત્રોએ મળીને સમિટના કેન્દ્રીય સંદેશને મજબૂત બનાવ્યો: ભારતની AI યાત્રામાં મહત્વાકાંક્ષા સાથે જવાબદારી, સ્કેલ સાથે સમાવેશ અને ટેકનોલોજીકલ નેતૃત્વ સાથે વૈશ્વિક સહયોગનો સમન્વય થવો જોઈએ, જે સુનિશ્ચિત કરે કે બુદ્ધિમત્તા કેન્દ્રિત ન થાય પરંતુ રાષ્ટ્રીય વિકાસ અને સહિયારી વૈશ્વિક પ્રગતિ માટે વ્યાપકપણે ફેલાયેલી હોય.



કમલમ્,

**સંતરામપુર તાલુકાના ખેડાપા ( શર્મી ) ખાતે શ્રી લક્ષ્મણભાઈ પ્રતાપભાઈ પારગી ના નિવાસ સ્થાને આયોજીત તેમના સુપુત્ર ચિ. ધ્રુવ ના શુભ લગ્ન પ્રસંગે ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી નવ યુગલને સુખી દાંપત્યજીવનના આશીર્વાદ આપ્યા. આ તકે દાહોદ જિલ્લાના સાંસદ સભ્યશ્રી જસવંતસિંહ ભાભોર, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, સચિન શાહ અને કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.**



કમલમ્,

**ગાંધીનગર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા પ્રગતિશીલ શિક્ષણના સંયુક્ત ઉપક્રમે આયોજિત માતૃભાષા સપ્તાહ ઉજવણી અંતર્ગત યોજાયેલા માતૃભાષા મહોત્સવ કાર્યક્રમમાં સંતરામપુર વિધાનસભાના ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી ગૌરવની અનુભૂતિ થઈ. માતૃભાષા આપણી ઓળખ, સંસ્કૃતિ અને સંવેદનાનું મૂળ છે — તેને સાચવવી અને પ્રોત્સાહિત કરવી આપણાં સૌની સામૂહિક જવાબદારી છે.**

# ઈન્ડિયા AI ઈમ્પેક્ટસમિટ-૨૦૨૬ને પગલે ગુજરાત સરકારની પહેલ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટેક ટેલેન્ટનું કેન્દ્ર બની રહેલા ભારતમાં ગુજરાતે AI અને ડિજિટલ ગવર્નન્સ માટે બજેટમાં રૂ. ૮૫૦ કરોડની ફાળવણી કરી**



કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી નવી દિલ્હીમાં યોજાઈ રહેલી ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ અંતર્ગત ગુજરાતે AI ક્ષેત્રે એક મહત્વપૂર્ણ એમ.ઓ.યુ. કર્યા છે. આ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એક્ટિવિટી અન્વયે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને લાર્સન એન્ડ ટૂબ્રો વ્યોમાં વચ્ચે આ એમ.ઓ.યુ. ધોલેરા SIR ખાતે ૨૫૦ મેગા વોટના હાઈ પર સ્કેલ, ગ્રીન AI રેડી ડેટા સેન્ટરની સ્થાપના માટે કરવામાં આવ્યા છે. વન, પર્યાવરણ અને સાયન્સ -ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની વિશેષ ઉપસ્થિતિમાં થયેલા એમ.ઓ.યુ. દ્વારા L & T વ્યોમાં રૂ. ૨૫ હજાર કરોડનું રોકાણ આ પ્રોજેકટમાં કરશે તેમજ સંભવત: ૨૦૨૮ સુધીમાં પ્રોજેક્ટ કાર્યરત થઈ જશે. આ એમ.ઓ.યુ. ગુજરાતને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કલાઉડ કમ્પ્યુટિંગ, એડવાન્સ્ડ એનાલિટિક્સ અને સસ્ટેનેબલ ડિજિટલ ઈકોસિસ્ટમ માટે અગ્રણી હબ તરીકે સ્થાપિત કરવાના સહિયારા વિઝન તથા ગુજરાત IT/ITeS નીતિ (૨૦૨૨-૨૭) સાથે સુસંગત છે. ધોલેરા SIRનો આ પ્રસ્તાવિત કેમ્પસ ઉચ્ચ અસરોવાળા રોકાણોને પ્રોત્સાહિત કરશે, નવીનતા આધારિત વિકાસને મજબૂત બનાવશે તેમજ કન્સ્ટ્રક્શન, કમિશનિંગ અને લાંબા ગાળાના ઓપરેશન્સમાં રોજગારીની નોંધપાત્ર તકોનું સર્જન કરશે. પ્રોજેક્ટ તે સંલગ્ન ઈકોસિસ્ટમ ના વિકાસથી પરોક્ષ રોજગારીનું સર્જન પણ થશે, તે ભવિષ્યના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના ચાલકબળ તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સુદૃઢ બનાવશે. આ એમઓયુ મુજબ, L&T વ્યોમા જમીનની યોગ્યતા, માળખાગત સુવિધાઓની સજ્જતા, ઉપલબ્ધતા ક્ષેત્રો (અવેલેબિલિટી ઝોન્સ) અને ટકાઉપણાના પરિમાણોને આવરી લઈને સંભાવનાઓનું વિગતવાર મૂલ્યાંકન કરશે, ગુજરાત સરકાર પોતાના સંબંધિત વિભાગો મારફતે એક સક્ષમ માળખા સાથે પ્રોજેક્ટને સરળ બનાવશે. આ સીમાચિહ્નરૂપ એમઓયુ હાઈપરસ્કેલ AI ડેટા સેન્ટરની સજ્જતાને સક્ષમ કરીને ભવિષ્યનાડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માં ગુજરાતના નેતૃત્વને વેગ આપશે. તેમજ ગ્લોબલ ક્લાઉડ અને AI કંપનીઓને આકર્ષિત કરવાની રાજ્યની ક્ષમતામાં વધારો કરશે, AI ટ્રેનિંગ અને એડવાન્સ્ડ એનાલિટિક્સ જેવા ઉભરતા કાર્યબોજને સહયોગ તેમજ નવીનીકરણ, ઉચ્ચ મૂલ્યની નોકરીઓ અને ટકાઉ આર્થિક વિકાસ માટે એક સ્થિતિસ્થાપક પણ ઈકોસિસ્ટમનું નિર્માણ કરશે. ઈન્ડિયા AI સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે ભારતના "MANAV" વિઝનની રૂપરેખા આપી છે. M- મોરલ એન્ડ એથિકલ સિસ્ટમ (નૈતિક અને નીતિગત પ્રણાલી); છ- અકાઉન્ટેબલ ગવર્નન્સ (જવાબદાર શાસન); N- નેશનલ સોવરેનિટી વિથ એમ્ફસીસ ઓન ધ રાઈટ ટુ ડેટા (ડેટાના અધિકાર પર ભાર મૂકતું રાષ્ટ્રીય સાર્વભૌમત્વ); A- એક્સેસીબલ એન્ડ ઈન્ક્લુઝિવ ટેકનોલોજી (સુલભ અને સમાવિષ્ટ ટેકનોલોજી); અને ફ- વેલિડ એન્ડ લેજિટિમેટ સિસ્ટમ (માન્ય અને કાયદેસર પ્રણાલીઓ). વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ AIને વાયરલેસ કોમ્યુનિકેશનનું એક ઐતિહાસિક પરિવર્તન તરીકે ગણાવ્યું છે. સાચી ક્ષમતા ફક્ત મશીનોને બુદ્ધિશાળી બનાવવાને બદલે માનવ ક્ષમતાઓના વિસ્તરણમાં રહેલી છેતેવો મત તેમણેદર્શાવ્યો છે. વડાપ્રધાનશ્રીના આ વિઝનને અનુસરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની AI પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવીને રાજ્યના આ વર્ષના બજેટમાં AI અને ડિજિટલ ગવર્નન્સ પહેલ માટે રૂ. ૮૫૦ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને L&T વ્યોમા વચ્ચેના આ એમ.ઓ.યુ. ગુજરાતમાં વિશ્વ કક્ષાના AI-રેડી ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. એટલું જ નહિં, ભારતની AI ક્રાંતિમાં મોખરે રહેવા તેમજ નવીનતા, ટકાઉપણુંઅનેસમાવિષ્ટવિકાસને આગળ ધપાવવામાં ગુજરાતને વધુ સજ્જ બનાવતું કદમ છે.

# રાજ્યમાં UCC ના અમલીકરણથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે: સમિતિના અધ્યક્ષ જસ્ટિસ રંજના દેસાઈ

**દિલ્હી ખાતે ગુજરાત સમાન નાગરિક સંહિતા (UCC) સમિતિની મહત્વની બેઠક યોજાઈ**



કમલમ્,

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (Uniform Civil Code - UCC)ના અમલીકરણ માટે રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬નારોજ નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત UCCના ડ્રાફ્ટની હાલની પરિસ્થિતિ, પ્રગતિ અને વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાંઆવી હતી. સમિતિના અધ્યક્ષ જસ્ટિસ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમા UCC ના અમલીકરણથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે અને દરેક નાગરિકને સમાન ન્યાય અને અધિકાર મળશે. આ બેઠકમાં સમિતિ દ્વારા અત્યાર સુધી તૈયાર કરાયેલ કાયદાના મુસદ્દાની સમીક્ષા કરવામાં હતી. જેમાં લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક અને દત્તક વિધાન જેવા વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સમિતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સામાજિક સમરસતા જળવાઈ રહે તે હેતુથી ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે તમામ સમુદાયોના હિતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. અગાઉ મેળવવામાં આવેલા નાગરિકોના સૂચનો અને વિવિધ સામાજિક-ધાર્મિક સંગઠનો સાથેની ચર્ચાઓ બાદ તૈયાર કરવામાં આવેલા અંતિમ તારણો અંગે સમિતિના સભ્યોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ બેઠકમાં સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત IAS અધિકારી શ્રી સી. એલ. મીના, એડવોકેટ શ્રી આર. સી. કોડેકર, પૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર શ્રીમતી ગીતાબેન શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત પ્રોત્સાહન યોજના અંતર્ગત ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો ભવ્ય “સંસ્કૃત પ્રોત્સાહન સમારોહ” યોજાયો



કમલમ્,

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત પ્રોત્સાહન યોજના અંતર્ગત ગાંધીનગરખાતે રાજ્યકક્ષાનો ભવ્ય “સંસ્કૃત પ્રોત્સાહન સમારોહ” યોજાયો હતો. માધ્યમિક સ્તરે સંસ્કૃત ભાષાના શિક્ષણને વધુ વેગ આપવા તેમજ આ ક્ષેત્રે કાર્યરત શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલે સંસ્કૃત ભાષાની મહત્તા પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, સંસ્કૃત માત્ર ભાષા નથી, પરંતુ આપણી સંસ્કૃતિનો જીવંત વારસો છે. નવી પેઢી આ વારસા સાથે જોડાય તે માટે આચાર્યો અને શિક્ષકોની ભૂમિકા મહત્વની છે. આ કાર્યક્રમમાં રાજ્યની કુલ ૨૨૩ સંસ્થાઓ જોડાઈ હતી. સંસ્થાઓના આચાયશ્રીઓ અને સંસ્કૃત વિષયના ગુરુજીઓ સહિત કુલ ૪૭૬ શિક્ષણસેવકોનું તેમની ઉત્કૃષ્ટ સેવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ડૉ. પદ્મકુમારજીએ “પરિવાર પ્રબોધન: સંસ્કૃત દ્વારા વ્યક્તિત્વ વિકાસ, પર્યાવરણ જાગૃતિ અને ઉત્તમ નાગરિક ઘડતર” વિષય પર પ્રેરણાદાયી રજૂઆત કરી હતી. રાજ્ય સરકાર દ્વારા સંસ્કૃત ભાષાના જતન અને પ્રચાર-પ્રસાર માટે લેવાયેલા આ પ્રયાસને સંસ્કૃતપ્રેમી મહાનુભાવોએ સ્તુત્ય ગણાવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ સંસ્કૃતના સંવર્ધન માટે એકજૂટ પ્રયાસો ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્કૃત બોર્ડના ઉપાધ્યક્ષશ્રી ડૉ. પંકજકુમાર ત્રિવેદી, પાઠ્યપુસ્તક મંડળના અધ્યક્ષ શ્રી મનુભાઈ પાવરા, સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ તથા સંસ્કૃત વિષ્યા તજજ્ઞો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028